# અરવલ્લીના આકરૂન્દ પાસે દંપતી પર હુમલા કેસમાં ઘટસ્ફોટ : પતિએ પત્નીની સોપારી આપીતી

મોડાસા, અરવલ્લી જિલ્લાના આકરૂન્દ ગામ નજીકથી શનિવારે બપોરના સુમારે બાઈક લઈને પસાર થઈ રહેલા દંપતીએ લઘુશંકા કરવા બાઈક ઉભું રાખતાં અન્ય બાઈક પર આવેલા બે શખ્શો મહિલા પર તીક્ષ્ણ ઘા ઝીંકી ફરાર થઈ ગયા હતા. પત્નીને બચાવવા જતાં પતિ પણ ઘાયલ થયો હતો બંનેને લોકોએ સારવાર અર્થે ખસેડ્યા હતા. ધનસુરા પોલીસ મથકે હુમલાખોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવાઈ હતી. જિલ્લા પોલીસવડા સંજય ખરાતે ઘટનાની ગંભીરતા સમજી એલસીબીને સૂચના આપતાં ડીવાયએસપી ભરત બસીયાના માર્ગદર્શન હેઠળ એલસીબી પીઆઈ આર.કે.પરમાર અને તેમની ટીમે દંપતી પર જીવલેણ હુમલાનો ભેદ ઉકેલી નાખ્યો હતો. જેમાં ફરિયાદી ખુદ આરોપી નીકળ્યો હતો અને પતિએ જ પત્નીની હત્યાની ૨ લાખ રૂપિયાની સોપારી આપી હોવાનું ખૂલ્યું હતું. બાયડના સરકારી પુસ્તકાલય સામે મધુરમફાર્મમાં રહેતા અને ઓમકાર કિરાણા સ્ટોર ધરાવતા વિજયગીરી ભુરગીરી ગોસ્વામી તેમની પત્ની પારૂલબેન સાથે વારંવાર ઝગડા થતા હોવાથી ગૃહ કંકાસથી ત્રાસી ઉઠેલા વિજયગીરીએ તેની પત્ની પારૂલબેનનું કાસળ કાઢી નાખવા બાયડના જ વિનોદ ફોગતભાઈ લુહારને સોપારી આપતાં વિનોદ લુહારે અમદાવાદના જવારચોક નજીક રહેતા અલ્કેશ ભીખાભાઈ બેરવા અને અન્ય એક ગાંડો તરીકે ઓળખાતા શખ્શનો સંપર્ક કરી તીક્ષ્ણ હથિયારથી હત્યા કરવાનો પ્લાન બનાવ્યા હતો. હત્યાના પ્લાન મુજબ વિજયગીરી ગોસ્વામી તેની પત્નીને લઈ વતન જવા નીકળ્યો હતો અને આકરૂન્દ નજીક રોડ પર બાઈક ઉભું રાખી પેશાબ કરવા જવાનું બહાનું બનાવી ખેતરમાં ઉભો થઈ ગયો હતો. પારુલબેનની હત્યા કરવા બાઈક લઈને આવી રહેલા સોપારી કીલર અલ્કેશ બેરવા અને ગાંડા નામના શખ્શે પારૂલબેન પર તીક્ષ્ણ હથિયારના ઘા આડેધડ વીંઝ્યા હતા. પારૂલબેનને શક ન જાય તે માટે વિજયગીરી બચાવવા વચ્ચે પડતાં પ્લાન મુજબ સોપારી કિલરોએ તેને પણ ઈજાઓ પહોંચાડી હતી. વિજયગીરીએ તેના પરિવાર અને મિત્રોને જાણ કરતાં ઘટનાસ્થળે પહોંચી તેમને સારવાર અર્થે દવાખાને ખસેડ્યા હતા. સમગ્ર મામલે ધનસુરા પોલીસ મથકે ગુન્હો નોંધાયો હતો. એલસીબી પીઆઈ અને તેમની ટીમે વિજયગીરી ગોસ્વામીની વર્તણુક શંકાસ્પદ જણાતાં સઘન પૂછપરછ કરતાં તેણે ગૃહ કંકાસથી ત્રાસી પારૂલબેનની હત્યા કરવાનો પ્લાન બનાવી બે લાખ રૂપિયામાં બાયડના જ વિનોદ ફોગતભાઈ લુહારને સોપારી આપતાં તેને અમદાવાદના બે શખ્શોને પારૂલબેનને મોતને ઘાટ ઉતારવા તૈયાર કરી પ્લાન બનાવ્યો હોવાનું કબુલ્યું હતું.

# અરવલ્લી-સાબરકાંઠામાં ૪૮ કલાકમાં પાણીમાં ડૂબવાથી વધુ ૫ લોકોનાં મોત

મોડાસા, અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં આ વર્ષે પાણીમાં ડૂબી જવાની ઘટનાઓ સતત સામે આ?વી રહી છે. છેલ્લા ૪૮ કલાકમાં વધુ ૫ લોકો પાણીમાં ડૂબવાથી મોતને ભેટ્યાં છે. મેઘરજના પહાડીયા રેલ્યો ગામનો ૩૬ વર્ષીય યુવક વાત્રક નદીના ચેકડેમમાં ડૂબી જતાં એનડીઆરએફ ટીમની મદદ લેવી પડી હતી. ૪ દિવસની ભારે જહેમત બાદ યુવકની લાશ મળી હતી. માલપુરના પીપરાણા ગામે ખેતરમાં રખેવાળી કરવા ગયેલા વ્યક્તિનો મૃતદેહ કુવામાંથી મળ્યો હતો. ઈડર તાલુકાના ભાદરડી ગામના યુવકની લાશ ભિલોડાના ચોરીમાલા ગામ નજીક પસાર થતી હાથમતી નદીમાંથી મળી હતી. હિંમતનગર મોતીપુરા કેનાલમાં હરસોલ ગામ નજીક અન્ય એક શખ્શનું ડૂબી જતાં મોત નીપજ્યું હતું.

મેઘરજની વાત્રક નદીના ચેકડેમ પરથી લપસી જતાં પહાડીયા રેલ્યો ગામનો ૩૬ વર્ષીય કમલેશ સોમાભાઈ રાવળ નદીના પાણીમાં ગરકાવ થયાના ચોથા દીવસે ગાંધીનગરની એનડીઆરએફ ટીમે લાશ શોધી કાઢી હતી. મેઘરજ પોલીસે લાશ પીએમ માટે ખસેડી કાર્યવાહી હાથ ધરી હતી. માલપુર તાલુકાના પીપરાણા ગામે ખેતરમાં ઉભા પાકને બચાવવા રખેવાળી કરવા ગયેલા ચમાર જેઠાભાઈ હીરાભાઈનો મૃતદેહ કુવામાંથી મળી આવ્યો હતો.

# ૧૦ માસમાં આઈટીઆઈ મારફતે ૨.૬૩ લાખ લર્નર્સ લાયસન્સ જારી કરાયાં



અમદાવાદ, રાજ્ય સરકારે ગયા વર્ષે ઓકટોબરમાં પસંદગીની ૨૨૧ ઈન્ડસ્ટ્રીયલ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યુટસને લાયસન્સ ઈસ્યુ કરવાની સત્તા આપી હતી. હવે તેમાં વધુ ૧૯નો ઉમેરો કરવામાં આવ્યો છે. આમાંથી ૫ આઈટીઆઈ માત્ર મહિલાઓને લાયસન્સ આપવાની કામગીરી કરશે ગાંધીનગર તા. ૦૯ સપ્ટેમ્બર, ૨૦૨૦: ગુજરાતમાં પસંદગીની આઈટીઆઈ (જ) મારફતે લર્નર્સ લાયસન્સ આપવાની કામગીરી શરૂ કરાઈ તેના માત્ર ૧૦ માસથી થોડા વધુ સમયમાં ૨.૬૩ લાખથી વધુ લાયસન્સ ઈસ્યુ કરવામાં આવ્યાં છે તેવુ અધિકૃત આંકડામાં જણાવવામાં આવ્યુ છે.

લર્નર્સ લાયસન્સ આપવાની કામગીરી વિકેન્દ્રિત અને પારદર્શક બને તે માટે માન. મુખ્ય પ્રધાન શ્રી વિજયભાઈ રૂપાણીએ ગયા ઓકટોબર માસમાં આપેલા નિર્દેશ મુજબ ૨૨૧ આઈટીઆઈને ઓનલાઈન ટેસ્ટ લઈને લર્નર (કાચુ) લાયસન્સ આપવાની કામગીરી સોંપવામાં આવી હતી. આ નિર્ણયનો ઉદ્દેશ અરજદારો માટે લાયસન્સ મેળવવાની પ્રક્રિયા સરળ બનાવવાની તથા રોડ ટ્રાન્સપોર્ટ (આરટીઓ) ઓફિસમાં થતો ધસારો ઓછો કરવાનો હતો. તે પછી, ૫.૨૪ લાખથી વધુ અરજદારોએ વિવિધ આઈટીઆઈમાં લર્નર્સ લાયસન્સ મેળવવા માટે અરજી કરી હતી તેવુ ડિરેકટોરેટ ઓફ એમ્પલોયમેન્ટ એન્ડ ટ્રેઈનિંગે આપેલા આંકડામાં જણાવવામાં આવ્યુ છે. ગુજરાતના શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી વિપુલ મિત્રા જણાવે છે કે "આઈટીઆઈમાં લાયસન્સ આપવાની વ્યવસ્થાને ખૂબ સારો આવકાર હાંસલ થયો છે, કારણ કે અરજદારો લાયસન્સ મેળવવા માટે આરટીઓમાં વધારે ધસારો રહેતો હોવાને કારણે આઈટીઆઈમાં જવાનુ વધારે પસંદ કરે છે."

મિત્રાએ જણાવ્યું હતું કે ૫.૨૪ લાખ અરજદારોમાંથી ૨.૬૩ લાખ ઉમેદવારોને લર્નર્સ લાયસન્સ આપી દેવામાં આવ્યાં છે. (૧૯-૧)

# ઉત્તર ગુજરાતમાં કોરોના ફરી વકર્યો : વધુ ૬૯ કેસ

મહેસાણા, ઉત્તર ગુજરાત થોડા દિવસની રાહત બાદ ફરીથી કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે, મંગળવારે પાટણ જિલ્લામાં ૨૮, મહેસાણામાં ૨૧, સાબરકાંઠામાં ૧૦ અને બનાસકાંઠામાં ૧૦ મળીને કુલ ૬૯ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા હતા. કોરોના પોઝિટિવ કેસમાં વધારો થતાં લોકોમાં ફફડાટ વધ્યો છે. પાટણ જિલ્લામાં મંગળવારે કોરોનાના નવા ૨૮ કેસ સામે આવતાં કુલ કેસોનો આંકડો ૧૪૬૭ પહોંચ્યો હતો. પાટણ શહેરમાં રોકડીયા ગેટ, જલારામનગર સોસાયટી, અર્બુદાનગર સોસાયટી, અમરદીપ સોસાયટી, જીવરાજપાર્ક, શુભમ બંગ્લોઝ, યુનિવર્સિટી સ્ટાફ ક્વાર્ટર, નિર્મળ નગર ગુજરાત તેમજ તાલુકાના સરવા, હાંસાપુર અને મણુંદ ગામનો મળી કુલ ૧૧ કેસ, ચાણસ્મા તાલુકાના વસઈ, વડાવલી, ધીણોજ અને કંબોઈ ગામના મળી કુલ ૬ કેસ, હારીજ શહેરના પોલીસ ક્વાટર્સ અને તાલુકાના કુકરાણાના મળી કુલ ૩ કેસ, સિધ્ધપુર તાલુકાના સેદ્રાણા ગામનો ૧ કેસ, રાધનપુર શહેરના હરીઓમ સોસાયટી અને જવાહરનગર સોસાયટીના મળી કુલ ૨ કેસ, સાંતલપુર તાલુકાના બામરોલી અને કોલીવાડા ગામના મળી કુલ ૨ કેસ અને સમી તાલુકાના કનીજ ગામનો ૧ કેસ અને શંખેશ્વર તાલુકાના મુજપુર ગામનો ૧ કેસ, સરસ્વતી તાલુકાના કોટાવડ ગામે ૧ કેસ મળ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૬૩ કોરોનાગ્રસ્તોનાં મોત થયા છે.

મહેસાણા જિલ્લામાં થોડા દિવસની રાહત બાદ છેલ્લા ત્રણેક દિવસથી કોરોના પોઝિટિવ કેસમાં સતત ઉછાળો આવી રહ્યો છે. મંગળવારે જિલ્લામાં વધુ ૨૧ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેમાં મહેસાણા શહેરમાં જ ૮ અને મહેસાણાના ગ્રામ્ય વિસ્તારોમાં ૪ મળીને ૧૨ કેસ મહેસાણા તાલુકાના હતા. મહેસાણા શહેરના રાધનપુર રોડ, પ્રશાંત સિનેમા સામે, નાગલપુર વિસ્તાર, મોઢેરા ચોકડી, ટીબી રોડ, વિસનગર રોડ, પરા તળાવ પાસે, રામોસણા ઓજી વિસ્તાર, અમીપુરા અને ગોકળગઢ ગામે, વિસનગરના મહેસાણા રોડ, ખેરાલુ રોડ, કડીના એસવી કેમ્પસમાં, વિજાપુરના ગોવિંદપુરા જૂથ ગ્રા.પં. વિસ્તાર, ઊંઝાના ઐઠોર અને દાસજ, સતલાસણાના ઉમરેચા અને ખેરાલુના ડભાડ ગામે નવા કેસ નોંધાયા છે.

# અરવિંદની બ્રાન્ડ એરોએ હિતીક રોશન સાથે હાથ મળાવ્યાં.એરો સાથે હિતીક 'ટોપ ઓફ ધ વર્લ્ડ'




અમદાવાદ, અરવિંદ ફેશન લિમિટેડની અમેરીકન મેન્સ વેર બ્રાન્ડ એરોએ આજે જાહેર કર્યું કે ફેશન આઈકોન અને સુપરસ્ટાર હિતીક રોશન તેમની સાથે બ્રાન્ડ એમ્બેસડર તરીકે જોડાયા છે અને તેમની સાથે 'ટોપ ઓફ ધ વર્લ્ડ' કેમ્પેઈન શરૂ કર્યું. આ જાહેરાત બ્રાન્ડની મોટા શહેરોમાં વિસ્તરણની યોજના અને ૨૫ નવા 'ન્યુ યોર્ક' સ્ટાઈલ ફેશન સ્ટોરના લોન્ચ પહેલા કરી છે. એરોના બ્રાન્ડ એમ્બેસડર હિતીક રોશને કહ્યું કે, " હું સ્ટાઈલને એક વ્યક્તિના વ્યક્તિત્વનો ભાગ જ માનું છું. એરો સાથે જોડાયને મારા દેખાવમાં બ્રાન્ટની છાપ ઉમેરાશે. ૧૮૫૧થી તેમના ફેશનના ટ્રેન્ડ સાથેનું અનુકુલન અને દાયકાઓનો ગ્રાહકોનો વિશ્વાસના કારણે મને એરો સાથે જોડાવા બદલ ગર્વ છે." આવનારા તહેવારોની સિઝનમાં બ્રાન્ડ નવા ૨૦ સ્ટોર ખોલવા જઈ રહી છે. તેમની વિસ્તરણની યોજનાઓ વિશે વાત કરતાં શૈલેશ ચતુર્વેદીએ(મેનેજીંગ ડાયરેક્ટર અને સીઈઓ, અરવિંદમાં પીવીએચ બ્રાન્ડ્સ) કહ્યં કે," આકર્ષક કેમ્પેઈન સાથે એરો બ્રાન્ડને ગ્લેમેરાઈઝ કરવાં પર ભાર મુકવાથી અમે મોટા મેટ્રો શહેરમાં વિકાસની મોટી તકો જોઈએ છીએ. હિતીક પાસે ૮ કરોડ જેટલા કુલ લોકોની સોશિયલ મીડિયાની પહોંચ છે અમારા રિમોડલ થયેલા સ્ટોર કે જે ગ્લેમેરાઈઝ ન્યુ યોર્ક સ્પીરીટની સાથે કલાથી સજાવેલો દેખાવ ધરાવે છે, તેમાં આવવાંની માંગ અને ઉત્સાહમાં વધારો કરશે.

એરો કેમ્પેઈન ડબલ્યુ.વાય.પી. ક્રિએટિવ દ્વારા બનાવવામાં આવ્યું છે અને એસ ડાયરેક્ટર અને ફોટોગ્રાફર તેજલ પટની દ્વારા શુટ કરવામાં આવ્યું છે. 'ઓન ટોપ ઓફ ધ વર્લ્ડ' કેમ્પેઈન ૧૯૩૦ના રોકફેલર પ્લાઝા, ન્યુ યોર્કમાં લેવામાં આવેલા યાદગાર ફોટોગ્રાફ પરથી પ્રેરિત છે. ન્યુ યોર્કનો તે ફોટોગ્રાફ ટોપ ઓફ ધ વર્ડ હોવાનું નીરૂપણ કરા છે. બ્લેક એન્ડ વાઈટ ફોટોમાં બાંધકામના કામદારોએક સાથે બાંધકામના બીમ પર બેસીને જમી રહ્યાં છે જ્યારે પાછળ ન્યુ યોર્ક ઉભું થઈ રહ્યું છે. –

# બનાસકાંઠાની તાલુકા પંચાયતોના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીઓ માટે ફોર્મ ભરાયાં

પાલનપુર, પાલનપુર તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીમાં પ્રમુખ માટે ભાજપના ૨ અને કૉંગ્રેસના ૧ મળી કુલ ૩ મહિલા અને ઉપપ્રમુખ માટે ૩ પુરુષોએ ફોર્મ ભર્યાં છે. પાલનપુર તાલુકા પંચાયતના બીજી ટર્મના પ્રમુખ-ઉપપ્રમુખની વરણી કરવા માટે બુધવારે ચૂંટણી યોજાશે. નાયબ ટીડીઓ એ. જી. પરમારે જણાવ્યું હતું કે, પાલનપુર તાલુકા પંચાયતમાં વર્તમાન સમયે કૉંગ્રેસનું શાસન છે. ગત ચૂંટણીમાં તાલુકા પંચાયતની કુલ ૩૪ બેઠકો પૈકી ૨૩ ઉપર કૉંગેસ જ્યારે ૧૧ બેઠકો ઉપર ભાજપના સદસ્યો વિજેતા થયા હતા. નવી ટર્મના પ્રમુખ માટે ભાજપના ૨ અને કૉંગ્રેસના ૧ મળી કુલ ૩ મહિલા અને ઉપ પ્રમુખ માટે ૩ પુરુષોએ ફોર્મ ભર્યા છે. કાંકરેજ તાલુકા પંચાયતની અઢીવર્ષની ટર્મ પુરી થતાં પ્રમુખ અને ઉપપ્રમુખ ચૂંટણી યોજાવાની હોઇ આજે ચુંટણીમાટેના ફોર્મ ભરવાની, પાછા ખેચવાની અને ચકાસણી કામગીરી તાલુકા વિકાસ અધિકારીની કચેરીમાં હાથ ધરાઇ હતી. તેમાં ભાજપ અને કોગ્રેસ એમ બંને પક્ષોના દાવેદાર ઉમેદવારોએ પોતાના ફોર્મ ભર્યા હતાં.

**જાહેર ઘોષણા**

(ઈનસોલવેન્સી અને નાદારી બોર્ડ ઓફ ઈન્ડિયા (લિક્વીડેશન પ્રક્રિયા) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ ના રેગુલેશન ૧૨(૩) સાથે રેગુલેશન ૩૧(૨) ને અનુસરતા)

**મેસર્સ એસટી જહોન ફેઈટ સિસ્ટમ્સ લિમિટેડ (લિક્વિડેશનમાં)ના સ્ટેક હોલ્ડર્સના ધ્યાન માટે**

માનનીય નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ, ચેન્નાઈ, ૪થી સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ મેસર્સ એસટી જહોન ફેઈટ સિસ્ટમ્સ લિમિટેડ (ઈન લિક્વીડેશન) માટેની બાબતમાં લીસ્ટ ઓફ સ્ટેક હોલ્ડર્સ ને જાણ કરવા માટેની જાહેર ઘોષણા જે નાદારી બોર્ડ ઓફ ઈન્ડિયા (લિક્વીડેશન પ્રક્રિયા) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ અને ઈનસોલવેન્સીના રેગુલેશન ૩૧ને અનુસરતા દાખલ કરી છે.

સ્ટેક હોલ્ડર્સનું લીસ્ટ નિરીક્ષણ માટે જે વ્યક્તિઓ દાવાનું પ્રમાણ, સભ્યો, ડિરેક્ટર્સ અને જામીનદારો એ કોરપોરેટ ડેબ્ટોર એટ્ રાજપરીસ ત્રીમેની ટાવર્સ, ૧લો માળ, ૧૪૭, જી.એન. ચેટ્ટી રોડ, ટી. નગર, ચેન્નાઈ- ૬૦૦૦૧૭, ઈન્ડિયા પર સબમીટ કરી શકે છે.

લીસ્ટ ઓફ સ્ટેક હોલ્ડર્સના સંબંધમાં કોઈ પણ પુછપરછ માટે કોપ્રોરેટ ડેબ્ટોર ના સરનામે stjohn.cirp@rvkassociates.com અથવા rvk@rvkassociates.com કરી શકે છે.

આર. વેન્કેટકૃષ્ણનન
લિક્વિડેટર
તારીખ : ૮મી સપ્ટેમ્બર, ૨૦૨૦
સ્થળ : ચેન્નાઈ
IBBI/IPA-001/IP-P00115/2017-18/10250

**એરોમા એન્ટરપ્રાઈસેસ (ઈન્ડીયા) લીમીટેડ**

રજી. ઓફીસ : ૮૮, અજંતા કોમર્શિયલ સેન્ટર, ઈનકમટેક્ષ સર્કલ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯
CIN: L51909GJ1994PLC021482
વેબ.: www.aromaenterprises.in
ઈ-મેઈલ : compliance.mgc@gmail.com, ફોન : +91-79-27540175

**બોર્ડ મીટિંગની નોટીસ**

આથી અહી નોટીસ આપવામાં આવે છે કે સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસક્લોઝર રિકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૨૯(૧)(એ) સાથે રેગ્યુલેશન ૪૭ વાંચતા તેની હેઠળ ૩૦મી જૂન, ૨૦૨૦ના રોજ પૂરા થતા કંપનીના ક્વાર્ટરના અંતે અનઓડીટેડ ફાયનાન્સિયલ રિઝલ્ટ્સને ધ્યાન ઉપર અને રિકાર્ડમાં લેવા કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ કે જે ૮૮, અજંતા કોમર્સિયલ સેન્ટર, ઈન્કમટેક્સ સર્કલ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ- ૩૮૦૦૦૯ ખાતે આવેલ છે ત્યાં **૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૦ મંગળવાર સાંજે ૪.૦૦ કલાકે** કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટરોની મીટીંગ મળનાર છે.

બોર્ડ વતી અને એમના માટે,
સહી/-
શ્રી અબ્દુલકાદીર શોએબ હાજીવાળા
કંપની સેક્રેટરી અને કમ્પ્લાયન્સ ઓફિસર
તારીખ : ૦૯.૦૯.૨૦૨૦
સ્થળ : અમદાવાદ

**ઇન્ટરેક્ટીવ ફાઈનાન્સિયલ સર્વિસેસ લીમીટેડ**

એ -૧૦૦૬, પ્રીમીયમ હાઉસ, હેન્ડલુમ હાઉસ પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત, ભારત.
CIN: L65910GJ1994PLC023393, ફોન નં. +91-79-2642-7428
www.ifinservices.com, info@ifinservices.com

**નોટીસ**

આથી અહી નોટીસ આપવામાં આવે છે કે સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસક્લોઝર રિકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૨૯(૧)(એ) સાથે રેગ્યુલેશન ૪૭ વાંચતા તેની હેઠળ ૩૦મી જૂન,૨૦૨૦ના રોજ પૂરા થતા કંપનીના ક્વાર્ટરના અંતના અનઓડીટેડ ફાયનાન્સિયલ રિઝલ્ટ્સ ને ધ્યાન ઉપર અને રિકાર્ડમાં લેવા કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ કે જે એ-૧૦૦૬, પ્રિમીયમ હાઉસ, હેન્ડલૂમ હાઉસ પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ -૩૮૦૦૦૯ ખાતે આવેલ છે ત્યાં **૧૫મી, સપ્ટેમ્બર, ૨૦૨૦ (મંગળવાર), સાંજે ૪.૦૦ વાગ્યે** કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટરોની મીટીંગ મળનાર છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ના ઓર્ડર વતી
સહી/-
શ્રી ઉદયન માંડવીયા
મેનેજિંગ ડિરેક્ટર
ડીન : ૦૦૭૪૦૬૧૫
તારીખ : ૦૯/૦૯/૨૦૨૦
સ્થળ : અમદાવાદ

**ઈન્ડિયા ઈન્ફ્રાસ્પેસ લિમિટેડ**

CIN: L45201GJ1995PLC024895
રજિ. ઑફિસ: ૭૦૧, સારપ બિલ્ડિંગ, નવજીવન પ્રેસની સામે, આશ્રમ રોડ, અમદાવાદ: ૩૮૦૦૧૪
ફોન: : ૦૭૯-૨૭૫૪૪૦૦૩, ફેક્સ: ૦૭૯-૨૭૫૪૩૬૮૧૫,
ઈ-મેઈલ: investorindiainfraspace@gmail.com

**વાર્ષિક સાધારણ સભા, બુક ક્લોઝર અને રિમોટ ઈ-વોટિંગ બાબતે માહિતી**

ઈન્ડિયા ઈન્ફ્રાસ્પેસ લિમિટેડ (કંપની)ના સભ્યોને આ સાથે જણાવવામાં આવે છે કે, કંપનીની વાર્ષિક સાધારણ સભા (AGM) આગામી તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ બપોરે ૨.૩૦ વાગ્યે વીડિયો કૉન્ફરન્સ (VC)/અન્ય દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમ (OAVM) દ્વારા, એજીએમની નોટિસમાં જણાવાયેલાં કામકાજોના સંદર્ભે મળશે. તા. ૭ સપ્ટેમ્બર, ૨૦૨૦ને સોમવારના રોજ કંપનીએ વાર્ષિક અહેવાલ સહિત એજીએમનું આમંત્રણ તમામ સભ્યોને, જેમનાં ઈ-મેઈલ આઈ-ડી કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ, એક્યુરેટ સીકયોરીટી રજીસ્ટ્રી પ્રા.લી.સાથે અને રજિસ્ટ્રી પ્રા. લિ.-ડિપોઝિટરી પાર્ટિસિપેન્ટ-પાર્ટિસિપેન્ટો સાથે નોંધાયેલાં છે, તેમને, આ નોટિસ કોર્પોરેટ બાબતોના મંત્રાલયના ૫ મે, ૨૦૨૦ના સર્ક્યુલરને ૮ એપ્રિલ ૨૦૨૦ના તથા ૧૩ એપ્રિલ, ૨૦૨૦ના સર્ક્યુલર તેમજ સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના તા. ૧૨ મે, ૨૦૨૦ના સર્ક્યુલર સાથે જોતાં મોકલી આપેલું છે. એજીએમની નોટિસ સહિતનો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.indiainfraspace.com ઉપર તથા બીએસઈ લિમિટેડની વેબસાઈટ ઉપર તથા રિમોટ ઈ-વોટિંગની કામગીરી પૂરી પાડનારી એજન્સી NSDLની વેબસાઈટ https://www.evoting.nsdl.com ઉપર ઉપલબ્ધ છે.

કંપનીઝ ઍક્ટ, ૨૦૧૩ની કલમ ૯૧ની જોગવાઈઓ અનુસાર, કંપનીનું સભ્ય-રજિસ્ટર તથા શેર ટ્રાન્સફર બુક્સ ગુરુવાર તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૦થી બુધવાર તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૦ (બંને દિવસો સહિત) કંપનીની એજીએમના હેતુસર બંધ રહેશે.

ઍક્ટની કલમ ૧૦૮ની જોગવાઈઓ તથા કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) રુલ્સ-૨૦૧૪ના સુધારેલા રુલ્સ તથા સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયર્મેન્ટ્સ) નિયમનો-૨૦૧૫ મુજબ એનએસડીએલ દ્વારા સુલભ કરાયેલી ઈ-વોટિંગ સેવા દ્વારા, કંપનીની એજીએમ નોટિસમાં જણાવાયેલા ઠરાવો ઉપર ઈલેક્ટ્રોનિક માર્ગે મતદાનની સવલત કંપનીના સભ્યોને આપવામાં આવે છે. કંપનીના સભ્યોનો મતાધિકાર તેઓ તા. ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૦ની કટ-ઑફ ડેટના રોજ તેઓ કંપનીના જેટલા પેઇડ-અપ ઈક્વિટી શેર કેપિટલ ધરાવે છે, તેના પ્રમાણમાં રહેશે.

રિમોટ ઈ-વોટિંગ તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ સવારે ૯.૦૦ વાગ્યે શરૂ થશે અને તા. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૦ને મંગળવારે ૫.૦૦ વાગ્યે પૂર્ણ થશે. આ સમયગાળા દરમિયાન, સભ્યો ઈલેક્ટ્રોનિક રીતે મતદાન કરી શકશે. ત્યાર બાદ NSDL દ્વારા ઈ-વોટિંગ મોડ્યુલને બંધ કરી દેવાશે. જે સભ્યો એજીએમમાં VC/OAVM facilityના માધ્યમથી હાજર રહેશે, અને ઠરાવ ઉપર રિમોટ ઈ-વોટિંગથી મતદાન નહીં કરે અથવા જેમને એમ કરવામાં રોકવામાં આવ્યા નહીં હોય તેઓ એજીએમ દરમિયાન ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા મતદાન કરી શકશે.

એજીએમ પહેલાં રિમોટ ઈ-વોટિંગથી જે સભ્યોએ મતદાન કરી લીધું હશે તેવા સભ્યો પણ VC/OAVM દ્વારા એજીએમમાં ભાગ લઈ શકશે અને હાજરી આપી શકશે, પરંતુ ફરીથી મતદાન કરી નહીં શકે.

જે સભ્યોએ પોતાનાં ઈ-મેઈલ આઈડી નોંધાવ્યાં નથી, તથા જેઓ ડીમૅટરીઅલાઈઝ્ડ સ્વરૂપમાં શેર ધરાવે છે તેવા સભ્યો માટે રિમોટ ઈ-વોટિંગની પદ્ધતિ તથા એજીએમ ખાતે વોટિંગની પદ્ધતિ અંગેની માહિતી એજીએમની નોટિસમાં પૂરી પાડવામાં આવી છે.

કંપની દ્વારા ઈલેક્ટ્રોનિક રીતે નોટિસ મોકલાયા બાદ કોઈ પણ વ્યક્તિ કટ-ઑફ તારીખે જો કંપનીના શેર ધરાવે અને સભ્ય બને છે તો તેમણે evoting@nsdl.co.in ઉપર રિક્વેસ્ટ મોકલીને લોગિન આઈડી તથા પાસવર્ડ મેળવવાનાં રહેશે.

જોકે, જે તે વ્યક્તિ રિમોટ ઈ-વોટિંગ માટે NSDL સાથે અગાઉથી રજિસ્ટર્ડ હોય તો તેઓ મતદાન માટે પોતાનાં વર્તમાન યુઝર આઈડી તથા પાસવર્ડનો ઉપયોગ કરી શકે છે.

ઈ-વોટિંગને લગતી કોઈ પણ પૂછપરછ માટે શેરહોલ્ડર સભ્યો માટેનાં FAQ જોવાની અને www.evoting.nsdl.com ઉપર ડાઉનલોડ સૅક્શનમાં ઉપલબ્ધ ઈ-વોટિંગ યુઝર મૅન્યુઅલ અથવા ટોલફ્રી નંબર ૧૮૦૦-૨૨૨-૯૯૦ ઉપર અથવા evoting@nsdl.co.in ઉપર રિક્વેસ્ટ મોકલવાની સલાહ છે.

ઈન્ડિયા ઈન્ફ્રાસ્પેસ લિ. વતી,
પ્રદીપ બી. શાહ
મેનેજિંગ ડિરેક્ટર, (DIN: 00297120)
તારીખ : ૦૮/૦૯/૨૦૨૦
સ્થળ : અમદાવાદ

**Unison Metals Limited**

CIN No: L52100GJ1990PLC013964
Reg Office :Plot No.5015, Ph-IV, Nr. Ramol Cross Road, GIDC, Vatva, Ahmedabad-382445
Website - www.unisongroup.net, Email: unisonmetals@gmail.com - ,Telephone - +91-07925841512

**REVISED CONSOLIDATED AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED 31ST MARCH, 2020**

| | | CONSOLIDATED | | | | |
|---|---|---|---|---|---|---|
| | Particulars | Quarter Ended | | | Year Ended | |
| | | 31st March 2020 | 31st Dec 2019 | 31st March 2019 | 31st March 2020 | 31st March 2019 |
| | | see note 10 | Reviewed | see note 10 | Audited | Audited |
| 1 | Total Income from operations ( Net ) | 4,939.48 | 4,115.94 | 4,547.32 | 16,815.03 | 14,946.16 |
| 2 | Net Profit/ ( Loss ) for the period ( before tax Exceptional and/ or Extraordinary items ) | 147.61 | -17.38 | 341.49 | 221.89 | 89.13 |
| 3 | Net Profit/ ( Loss ) for the period before tax (after Exceptional and/ or Extraordinary items ) | 147.61 | -17.38 | 341.49 | 221.89 | 89.13 |
| 4 | Net Profit/ ( Loss ) for the period after tax (after Exceptional and/ or Extraordinary items ) | 127.41 | -19.97 | 259.67 | 139.70 | 37.07 |
| 5 | Total Comprehensive income for the period (comprising profit /(loss) for the period after tax and other comprehensive income (after tax)) | 126.12 | -20.22 | 389.45 | 245.04 | 112.88 |
| 6 | Equity Share Capital ( Face Value Rs.10/- per shares ) | 320.42 | 320.42 | 320.42 | 320.42 | 320.42 |
| 7 | Other Equity | | | | 2129.63 | 1884.6 |
| 8 | Earnings Per Share ( EPS ) | | | | | |
| (a) | Basic EPS before and after Extraordinary items for the period ( not annualized ) in Rs.10 Per Share | 3.98 | -0.62 | 8.10 | 4.36 | 2.78 |
| (b) | Diluted EPS before and after Extraordinary items for the period ( not annualized ) in Rs.10 Per Share | 3.98 | -0.62 | 8.10 | 4.36 | 2.78 |

1. "1. This statement has been prepared in accordance with the Indian Accounting Standards (Ind AS) as prescribed under Section 133 of the Companies Act, 2013 Accounting Standards Rules, 2015 (as amended).
2. These results have been reviewed and recommended for adoption by the Audit Committee in its meeting held on July 06, 2020, and approved by the Board of Directors at its meeting held on July 06, 2020. The Statutory Auditros' Report does not have any qualification or modification.
3. Ind AS 116 'Leases', mandatory for reporting periods beginning on or after April 1, 2019, replaces existing revenue recognition requirements. Under the modified retrospective approach, there were no significant adjustments required to the retained earnings as at April 1, 2019. The adoption of the standard did not have any impact on the financial results.
4. In line with Ind As - 108 operating segments and basis of the review of operations being done by the senior Management, the operations of the group fall under Steel Segment business which is considered to be the only reportable segment by the management.
5. Previous period/year figures have been reclassified, as considered necessary, to confirm with current period presentation, where applicable.
6. The Company has adopted option available under section 115 BAA of the Income Tax Act, 1961 as introduced by the taxation laws (amendment) ordinance, 2019 dated September 20, 2019. Accordingly, tax expenses, deferred tax assets and liabilities have been recomputed and impact of this has been recognised in this Statement.
7. EEPS is not annualized for the quarter ended March 31, 2020, December 31, 2019 and March 31,2019.
8. Other income includes:

| | Particulars | Quarter Ended | | | Period Ended | |
|---|---|---|---|---|---|---|
| | | 31st March 2020 | 31st Dec 2019 | 31st March 2019 | 31st March 2020 | 31st March 2019 |
| | | Rs. | Rs. | Rs. | Rs. | Rs. |
| | Liability written back | | | | 90.31 | - |

9. Manufacturing facilities of the Company were closed on March 24, 2020 following countrywide lockdown due to COVID-19. The Company has since obtained required permissions and restarted its manufacturing facilities partially from first week of June 2020. Based on the immediate assessment of the impact of COVID-19 on the operations of the Company and ongoing discussions with customers, vendors and service providers, the Company is positive of serving customer orders and obtaining regular supply of raw materials and logistics services after resumption of the operations. In assessing recoverability of trade receivables, the Company has considered subsequent recoveries, past trends, credit risks profile of the customers based on their industry, macroeconomic forecasts and internal and external information available up to the date of issuance of these results. In assessing recoverability of inventories, the Company has considered the latest selling prices, customer orders on hand and margins. Based on the above assessment, the Company is of be realisable. The impact of COVID-19 may be different from that estimated as at the date of approval of these standalone financial results, and the Company will continue to closely monitor the developments.
10. The figures for the quarter ended March 31, 2020 and March 31, 2019 are the balancing figures between audited figures in respect of the full financial year and the limited reviewed year-to-date published figures for the nine month period ended December 31, 2019 and December 31, 2018 respectively.
11. Persuant to the order of NCLT dated July 12, 2019 "Universal Metal Company Limited" ( The " Amalgamating Company") was merged into Chandanpani Private Limited " wholly owned Subsidiary Company w.e.f April 1, 2018(The "Record date" ). The Books of Amalgamating Company was audited by other auditor. The Consolidated figures reported for the year ended March 31, 2019 are restated to that extent and the same is not comparable with the audited consolidated figures of the previous year.

For and on behalf of Board of Directors
FOR UNISON METALS LTD
sd/-
(MAHESH CHANGRANI)
Whole Time Director
Place : Ahmedabad.
Date : 6th July, 2020

**पावरग्रिड POWERGRID**

**NOTICE**

1. The applicant above-named has made an application before the Central Electricity Regulatory Commission, New Delhi for determination of Transmission Tariff from DOCO to 31.3.2024 for Asset-1: Combined Asset of a) 400KV D/C Bhadla (POWERGRID)- Bhadla (RVPNL) Ckt -1 & 2 along with associated bays; b) 1 no. of 400KV, 125 MVAR Bus Reactor along with associated bays at Bhadla (POWERGRID) Substation; c) 400KV, 500 MVA ICT-2 along with associated bays at Bhadla (POWERGRID) Substation; d) 220KV, Adani Bhadla (Pooling station) line-1 bay at Bhadla (POWERGRID) Substation, Asset-2: 220 KV Sourya Urja line-2 Bay at Bhadla (POWERGRID) Substation, Asset-3: 500 MVA ICT-3 along with associated bays at Bhadla (POWERGRID) Substation, Asset-4: 500 MVA ICT-1 along with associated bays at Bhadla (POWERGRID) Substation, Asset-5: 2 nos. 220 kV line bays (205 & 206) at Bhadla (POWERGRID) Substation, Asset-6: 02 no. 400 kV line bays at Bhadla (POWERGRID) Substation, Asset-7: Combined Asset of a) 765KV D/C Bhadla (POWERGRID)- Bikaner (POWERGRID) along with 2 nos. 240 MVAR Switchable Line Reactors along with associated bays at Bhadla (POWERGRID) S/s and 2 nos. 240MVAR Switchable Line Reactors along with associated bays at Bikaner (POWERGRID) S/s; b) 765/400KV, 1500MVA ICT-1, 2 and 3 along with associated bays at Bhadla (POWERGRID) Substation; c) 1 no. of 240MVAR Bus Reactor along with associated bays at Bhadla (POWERGRID) Substation under "Transmission System for Solar Power Park at Bhadla" in Northern Region.

2. The beneficiaries for Combined Assets of the above mentioned Transmission system are: (1) Rajasthan Rajya Vidyut Prasaran Nigam Limited. (2) Ajmer Vidyut Vitran Nigam Ltd. (3) Jaipur Vidyut Vitran Nigam Ltd. (4) Jodhpur Vidyut Vitran Nigam Ltd. (5) Punjab State Electricity Board. (6) Haryana Power Purchase Centre (7) Power Development Deptt, Govt. of Jammu & Kashmir. (8) Uttar Pradesh Power Corporation Ltd. (9) Delhi Transco Ltd. (10) BSES Yamuna Power Ltd. (11) BSES Rajdhani Power Ltd. (12) North Delhi Power Ltd. (13) Chandigarh Administration. (14) Uttaranchal Power Corporation Ltd. (15) North Central Railway (16) New Delhi Municipal council. (17) Himachal Pradesh State Electricity Board (18) Surya Urja Pvt. Ltd, Rajasthan (19) Adani Renewable Pvt. Ltd, Ahmedabad (20) Essel Saurya Urja Company of Rajasthan Limited, Rajasthan (21) Fatehgarh Bhadla Transmission Co. Ltd, Ahmedabad.

| S.No. | Particulars | Remarks |
|---|---|---|
| 1 | Approved apportioned capital cost of the project (Rs. In Cr) | 1429.38 |
| 2 | Authority which has approved the Capital Cost | Board of Directors |
| 3 | Scheduled date of commercial operation | 19.1.2019 |
| 4 | Actual date of commercial operation | 29/04/19, 04/05/19, 17/05/19, 01/06/19, 07/08/19, 27/09/19* (Proposed), 17/10/19 |
| 5 | Capital cost on DOCO for all assets (Rs. In Crs) | 1114.67 |

4. Details of tariff: (Rs. in lakhs)

| Name of the asset | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|
| Asset-1 | 1980.22 | 2354.59 | 2424.77 | 2466.46 | 2479.03 |
| Asset-2 | 61.28 | 90.66 | 99.14 | 104.55 | 106.99 |
| Asset-3 | 526.82 | 668.20 | 693.90 | 711.91 | 721.30 |
| Asset-4 | 485.75 | 660.53 | 690.74 | 711.73 | 722.59 |
| Asset-5 | 86.96 | 190.36 | 211.01 | 224.25 | 230.25 |
| Asset-6 | 88.92 | 247.14 | 296.54 | 320.50 | 327.51 |
| Asset-7 | 7570.28 | 18048.70 | 18448.74 | 18656.65 | 18699.23 |

5. A copy of the application made for determination of tariff is posted on the website of the applicant at www.powergridindia.com.

6. The suggestions and objections, if any, on the proposals for determination of tariff contained in the application be filed by any person, including the beneficiary before the Secretary, Central Electricity Regulatory Commission, 3rd & 4th floor, Chandralok Building, Janpath, New Delhi - 110 001 (or other address where the office of the Commission is situated), with a copy to the applicant at the address of its corporate office "Saudamini", Plot No. 2, Sector-29, Gurgaon-122001, within 30 days of publication of this notice.

Place: Gurgaon
Date: 07.09.2020
-sd-
Senior General Manager (Commercial)

**POWER GRID CORPORATION OF INDIA LIMITED**
(A Government of India Enterprise)
Corp. Office : "Saudamini", Plot No. 2, Sector-29, Gurugram-122001, (Haryana) Tel. : 0124-2571700-719
Reg. Office : B-9, Qutab Institutional Area, Katwaria Sarai, New Delhi-110 016, Tel : 011-26560112, 26560121
www.powergridindia.com, CIN : L40101DL1989GOI038121
A Maharatna PSU

PG/CC/Notice-40/Advt.-50/2020-21/Adknack